નવગુજરાત સમાચાર (અમદાવાદ આવૃત્તિ)

Page - 4

Date :- 16/11/2024

# દૃષ્ટિની ક્ષતિવાળા, બધિર વ્યક્તિના શિક્ષણ પર આંબેડકર યુનિ.માં પરિષદ



» 62 દેશના શિક્ષણક્ષેત્રના નિષ્ણાતો સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

**નવગુજરાત સમય > અમદાવાદ**

અંધજનમંડળ અમદાવાદ અને ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે ધી ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ પીપલ વિથ વિઝ્યુઅલ ઈમ્પેયરમેન્ટ (ICEVI)વિશ્વ પરિષદનું આયોજન કરાયું હતું. વિશ્વભરના 62 દેશોના શિક્ષણક્ષેત્રના વ્યવસાયિકો, દૃષ્ટિની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ, વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ સહિત 380 અગ્રણી નિષ્ણાતોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ભારત સરકારના સામાજિક ન્યાય વિભાગના સચિવ રાજેશં અગ્રવાલે કહ્યું કે, વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર વિવિધ પગલાં લઈને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવામાં ભૂમિકા ભજવી રહી છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયે કહ્યું કે, સર્વસમાવેશક શિક્ષણના પ્રોત્સાહનમાં યુનિવર્સિટીઓની ભૂમિકાની જાણકારી આપીને શિક્ષણના તમામ સ્તરે વિકલાંગોના સમાવેશને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભૂમિકા સમજાવી હતી.